## નવારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

# :: પ રિ પ ત્ર ::

## વિષય: માહે: માર્ચ–૨૦૧૮ માં બીલ રજુ કરવા બાબત....

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુંનિટ/સબ યુનિટ અધકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ પૂર્ણ થવાની તૈયારીમાં છે, ત્યારે આ છેલ્લા માસમાં નાણાંકીય વ્યવહારો સરળ રીતે ચાલી શકે અને છેલ્લા સમયે તકલીફ ન ઉભી થાય તે હેતુસર વિવિધ બીલો રજુ કરવા નીચે મુજબનું સમય પત્રક તથા સૂચનો બહાર પાડવામાં આવે છે. તેમજ ચાલુ નાણાંકીય વર્ષની બીલ પાસીંગની કામગીરી તા. ૩૧/૦૩/૧૮ ના રોજ કચેરી કામકાજનાં સમય સુધી ચાલુ રાખવાની હોય તે મુજબ અગાઉથી આયોજન કરી સમયસર ખર્ચ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

| ક્રમ | બિલોની વિગત | બીલ રજુ કરવાની તારીખ |
|---|---|---|
| ૧ | મેડીકલ બીલો, એલ.ટી.સી., મુસાફરી ભથ્થાના બીલો, પુ.પગારબીલો | ૨૧/૦૩/૧૮ |
| ૨ | માહે માર્ચ–૨૦૧૮ના પગાર બીલો | ૨૩/૦૩/૧૮ |
| ૩ | પે એ બલ ડી.સી. બીલો | ૨૩/૦૩/૧૮ |
| ૪ | બુક એડજસ્ટમેન્ટના બીલો | ૨૩/૦૩/૧૮ |
| ૫ | બાંધકામને લગતા બીલો | ૨૩/૦૩/૧૮ |
| ૬ | તમામ પ્રકરાના એડવાન્સો સરભર કરવા તથા એબસ્ટ્રેક બિલથી ઉપાડેલ નાણાંનુ એનપીડીસી બીલ | ૩૦/૦૩/૧૮ |

***<u>અગત્યની સૂચના</u>* :–**

૧. ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે બુકએડજસ્ટમેન્ટના બીલો રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી. જેથી નવો ખર્ચકરતા પહેલાં સૌ પ્રથમ બુકએડજસ્ટમેન્ટના બીલોને પ્રાધાન્ય આપવું

૨. એબસ્ટ્રેક બિલોથી ઉપાડેલ નાણામાંથી તા. ૩૧/૦૩/૨૦૧૮ પછીના દિવસોમાં કોઈ પણ સંજોગોમાં ખર્ચ કરવો નહિ. જો નાણા વધે તો તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટી ફંડમાં પરત જમા કરાવી દેવા.

૩. માહે માર્ચ–૧૮ માસના મજુર મસ્ટરનાં બીલોના ચુકવણા ચાલુ માસમાં કરવાના હોય તો **તા. ૩૦/૦૩/૧૮** સુધીમાં તૈયાર કરી બીલો મોકલી આપવાના રહેશે.

૪. તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતાં વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી. તેમજ ગ્રાન્ટ મેળવી લેવાની શરતે માઈનસ ગ્રાન્ટમાં જે બીલો અગાઉ રજુ કરવામાં આવ્યા હોય, તેવા કિસ્સામાં જરૂરી ગ્રાન્ટ તાત્કાલીક મેળવી લેવાની રહેશે, હવે પછી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માયનસ ગ્રાન્ટના બીલો મોકલવા નહિ.

૫. પ્લાન / નોન પ્લાન / આઈ.સી.એ.આર./ અધર એજન્સીમાં વખતો વખતની સૂચનાઓને ધ્યાને રાખી ખર્ચ કરવાનો રહેશે.

૬. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કચેરીની કોઈ પણ પ્રકારની આવક તાઃ૩૧/૦૩/૨૦૧૮નાં રોજ બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં એન.એ.યુ. ફંડ / એન.એ.યુ રીવો. ફંડ ખાતે જમા કરાવી તેના ચલણો તેજ દિવસે અત્રેની કચેરીમાં રજુ કરવાના રહેશે, જેથી ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આવક જેતે સદરે જમાં લઈ શકાય.

**ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.**

**વહીવટી વ હિસાબી અધિકારી**

જા.નં.નકૃયુ/વવહિઅ/બી.૧ (કેશ)/ ૪૨૬૧-૬૪ /૨૦૧૮
નવસારી. તા.૦૮/૦૩/૨૦૧૮

**<u>નકલ સવિનય રવાના</u>:–**

(૧) યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ (તમામ) જાણ થવા સારૂ.
(૨) હિસાબ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ થવા સારૂ.
(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ–ચુકવણા અધિકારીશ્રી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ
(૪) અત્રેની કચેરીના તમામ ટેબલો તરફ જાણ સારૂ.

D:\B5\B-4(1)\paripatra